# હર ઘરને નળનો વિચાર સરાહનીય

## દેશના બિમારૂ રાજ્યો કરતાં પણ પાણીજન્ય રોગોમાં ગુજરાત વધુ બિમાર




આ સપ્તાહમાં જ ગાંધીનગરના જિલ્લા વહિવટીતંત્રએ તમામ પરિવારોને ઘર સુધી નળ સુવિધા સાથે પીવાનું ચોખ્ખુ પાણી પુરૂ પાડવાની નેમ વ્યક્ત કરી છે. વહિવટીતંત્રના આ મનસૂબા પાર પડે એવી આપણે શુભેચ્છા આપવી જ રહી. આ કામ ઝડપભેર સફળતાને વરે એ ખૂબ જ જરૂરી છે, એમ સેન્સસ ૨૦૧૧ના આંકડાઓ પીવાના ચોખ્ખા પાણી અંગે જે માહિતી દર્શાવે છે તે નીચે મુજબ કોષ્ટકમાં જોવા જેવી છે.

| ગાંધીનગર | ગ્રામીણ | શહેરી |
|---|---|---|
| ● કુલ પરિવારો | ૧,૬૦,૪૬૦ | ૧,૨૬,૭૪૦ |
| ● નળ દ્વારા પાણી મેળવતા પરિવારો (ચોખ્ખુ) | ૫૭,૦૭૨ | ૯૪,૦૦૫ |
| ● નળ દ્વારા પાણી મેળવતા પરિવારો (શુદ્ધ નહીં) | ૮૪,૧૩૫ | ૨૨,૨૨૪ |
| ● ઢાંકેલા કૂવામાંથી | ૩૫૭ | ૧૫૦ |
| ● ઢાંક્યો ન હોય તેવા કૂવામાંથી | ૭૫ | ૮૦ |
| ● હેન્ડપંપ દ્વારા | ૨૬૪ | ૧૪૨૪ |
| ● ટ્યૂબવેલ-બોર | ૧૭,૧૦૬ | ૭૩૦૪ |
| ● શુધ્ધ પાણી નહી મેળવી શકતા પરિવારો | ૧,૧૫,૩૧૭ | ૩૧,૧૮૨ |

સેન્સસ ૨૦૧૧ ગુજરાત શ્રેણી ૨૫માં દર્શાવેલા ઉપરોક્ત આંકડા સ્પષ્ટ કરે છે કે ગાંધીનગરના ગ્રામીણ પરિવારો પૈકી માત્ર ૫૭૦૭૨ પરિવારોને જ નળ વાટે શુદ્ધ પાણી (ઉપચારીત કરાયેલું) ઉપલબ્ધ થાય છે, એટલે કે બાકીના એક લાખ પંદર હજાર પરિવારોના નસીબે પીવાનું ચોખ્ખુ પાણી લગભગ મળતું ન હોય એવી સ્થિતિ છે એમ કહી શકાય કારણ કે મોટાભાગના ગ્રામીણ પરિવારોને કૂવા, બોર, હેન્ડપંપ અને નળ દ્વારા જે પાણી મળે છે એ સરકારી તંત્ર દ્વારા ઉપચારીત કરીને પાણી અપાતું હોય એવી શક્યતા ઘણી ઓછી છે. જેમ ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારની પરિસ્થિતિ આવી છે ત્યાં જો ગાંધીનગરના શહેરી વિસ્તારની પરિસ્થિતિ જોઈએ તો એક લાખ ૨૬ હજાર ઘર પરિવારો પૈકી માત્ર ૨૫ ટકા પરિવારો જ એવા છે કે જેમને પીવા માટે અનુપચારિત પાણી મળે છે બાકીના ૭૫ ટકા પરિવારોને ચોખ્ખુ પાણી ઉપલબ્ધ થાય છે. ગામ અને શહેરમાં જરૂરી સુવિધા બાબતે આટલો મોટો ભેદ આપણને આંકડાઓમાંથી જોવા મળે છે. ગામડાના ૭૨ ટકા પરિવારોને પીવાનું ચોખ્ખુ પાણી ઉપલબ્ધ ન હોય તેમ ૨૦૧૧ના ડેટા સ્પષ્ટ કરતાં હોય ત્યારે વહિવટીતંત્ર સંપૂર્ણ ઘર પરિવારને નળની સુવિધા સાથે જોડવાનો ઈરાદો જાહેર કરે એ બાબત સરાહનીય છે.

દરેક ઘરને નળ મળે અને પીવાનું ચોખ્ખુ પાણી પાણી મળે એ

● અનુસંધાન પાન-૭ પર

# કુપોષણ મુક્તિ અભિયાનની જાહેરાત બાદ કુપોષિત બાળકોની સંખ્યામાં ૮૦ ટકાની વૃદ્ધિ

(પ્રકાશ જહા)

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાનનો આરંભ થતાં જ ૮૦ ટકાથી વધુ કુપોષિત બાળકોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

સપ્ટેમ્બર માસમાં જ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદહસ્તે કુપોષણ મુક્તિ અભિયાનમાં સેવાભાવી સંસ્થાઓને સાંકળી અને વિધિવત્ ઘોષણા જિલ્લાતંત્ર દ્વારા કરવામાં આવી હતી.

એ ઘોષણા મુજબ જિલ્લામાં ૪૪૦૦ જેટલા બાળકો કુપોષિત અને અતિ કુપોષિત કેટેગરી ધરાવતા હતા તેવી વાતો તંત્ર દ્વારા કરવામાં આવી હતી. સપ્ટેમ્બર મહિનાને અંતે તૈયાર થયેલા અહેવાલ મુજબ હાલ જિલ્લામાં ૬૩૮૯ કુપોષિત બાળકો છે. જ્યારે ૧૮૫૯ અતિ કુપોષિત બાળકો છે. આમ જિલ્લામાં સપ્ટેમ્બર માસ અંતિત ૮૨૪૮ બાળકો કુપોષિત હોવાનું જણાઈ આવ્યુ છે.

**જિલ્લામાં કુપોષણની સમસ્યાને નિવારવા તંત્રના વિભાગો વચ્ચે સુયોગ્ય સંકલન જરૂરી છે સામાજિક ચિંતાનો વિષય છે તંત્ર આ મુદ્દે ગંભીર બને**

કુપોષણ એ અતિ ચિંતાનો મુદ્દો છે. તંત્રએ આ પ્રોજેક્ટ ''સ્વાન્તાયઃ સુખાય'' પ્રોજેક્ટ તરીકે હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. પ્રોજેક્ટના અમલની સાથે જ સંખ્યામાં ૮૦ ટકા કરતાં પણ વધુ બાળકો કુપોષિત અને અતિકુપોષિત કેટેગરીના મળી આવ્યા છે.

નવા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ પણ આ માટે મળેલ બેઠકમાં સંખ્યા વૃદ્ધિને લઈ આશ્ચર્ય વ્યક્ત કર્યુ હોવાની વાતો બહાર આવી છે. ત્યારે તંત્રએ જણાવ્યુ હતુ કે આરોગ્ય તંત્રની ગાઈડલાઈન પ્રમાણે બાવડાની સાઈઝ, વજન તેમજ ઊંચાઈને ધ્યાને લઈ આ બાળકોને અલગ તારવવામાં આવ્યા છે. જો કે તંત્રના આ ખુલાસા પછી જિલ્લા કલેક્ટરે પણ વધુ ચર્ચાને ટાળી આ પ્રોજેક્ટના અમલીકરણમાં ઝડપથી આગળ વધવાની વાત કરી મીટીંગ આટોપી લીધી હોવાનું કહેવાય છે.

જે બાળકો કુપોષિત કેટેગરીમાં મળ્યા છે તેમાં ગાંધીનગર-૧માં ૮૬૮, ગાંધીનગર-૨માં ૯૫૦, દહેગામ-૧ માં ૮૪૦, દહેગામ-૨ માં ૮૭૦, કલોલ-૧ માં ૬૫૦, કલોલ-૨ માં ૬૩૦, કલોલ-૩માં ૨૭૦, માણસામાં ૧૨૧૩ બાળકોનો સમાવેશ થાય છે. આમ કુપોષિત બાળકો સૌથી વધુ માણસા પંથકમાં મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## વિરમ દેસાઈ જિલ્લા મહેસુલી મંડળના પ્રમુખપદે પુનઃ વરાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા મહેસુલી કર્મચારી મંડળની તાજેતરમાં મળેલ બેઠકમાં નવા વર્ષ માટે હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

મંડળના પ્રમુખ તરીકે વિરમભાઈ દેસાઈની પુનઃ વરણી કરવામાં આવી છે. જ્યારે મહામંત્રી તરીકે એ.વી. આલ, ખજાનચી તરીકે ભવરસિંહ ચાવડાની વરણી કરાઈ છે.

મંડળના ઉપપ્રમુખ તરીકે જે.ઓ. દેસાઈ, બી.વી. ચાવડા, પ્રવિણભાઈ પરમાર, લત્તાબેન પરમારની, સહમંત્રી તરીકે રાજેશ

● અનુસંધાન પાન-૭ પર

# નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ શરૂ થયુ નથી

**વરસાદી દિવસોના અંતે માર્ગો ઉબડ ખાબડ : રહીશોને હાલાકી : સેકટરોના આંતરિક રસ્તાઓની કામગીરીને મંજુરી બાદ લાંબા સમયના અંતે પણ સ્થળ પર કામગીરી થઇ નથી**

ગાંધીનગર તા ૨૦

શહેરના સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ સુધી શરૂ કરાયુ નથી. છેલ્લા ૬ મહીનાથી માર્ગ સુધારણાના કામને મંજુરી આપી દેવામાં આવી છે. આમછતા ચોમાસાના અંતે ઉબડખાબડ બનેલા આંતરિક માર્ગોની દશા સુધારવાની કાર્યયોજના ટલ્લે ચઢી છે. સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામના અંતે આમ પણ રોડ નેટવર્કનો સિનારીયો બદલાઇ ગયો છે. જેના લીધે સ્થાનિક રહીશો પણ તોબા પોકારી ગયા છે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરીને બ્રેક વાગી ગઇ છે. ચોમાસુ શરૂ થતા શહેર તેમજ જિલ્લામાં માર્ગ સુધારણાનુ કામ બંધ કરી દેવાયુ હતુ. જયારે શહેરના જુના અને નવા સેકટરોમાં હજુ પણ આંતરિક માર્ગની દશા સુધારવા માટે કોઇ કામગીરી હાથ ધરવામાં આવી નથી. શહેરના સે-૬ થી ૮ માં અગાઉ રીંગ રોડનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે બીજા તબક્કામાં સેકટરોના આંતરિક માર્ગોનુ કામ પણ મંજુર કરી દેવાતા ટુંકમાં જ આ કામગીરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. સેકટરોના આંતરિક માર્ગોનુ વર્ષો પુર્વે કામ હાથ ધરાયુ હતુ જેના લીધે હાલ આ માર્ગોની દશા અત્યંત ખરાબ છે. માર્ગ પરથી ઉખડી ગયેલી ડામરીની કાંકરીઓ સાથે કેટલાક ઠેકાણે ખાડા પણ અસ્તિત્વમાં આવ્યા છે. સેકટરોના આંતરિક માર્ગો વરસાદી દિવસોના અંતે ઉબડ ખાબડ બનતા વાહનચાલકોને પણ હાલાકી વેઠવી પડે છે. નગરના જુના સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ સુધી મંજુર થયુ નથી અલબત્ત તંત્ર દ્વારા વિભાગને કરવામાં આવેલી દરખાસ્ત પણ પેન્ડીંગ છે. જયારે નવા સેકટરોમાં સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોની સુધારણા માટે અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. આ કાર્યયોજનાને મંજુરી અપાયા બાદ પણ હજુ સુધી સ્થળ પર કામ શરૂ કરાયુ નથી. અગાઉ દશેરાથી માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરવાનુ આયોજન પણ કરાયુ હતુ .જયારે વિભાગના પ્લાન્ટમાંથી આ કામ કરવાનુ હોવા છતા માર્ગ સુધારણાની કામગીરીમાં બિનજરૂરી વિલંબ થઇ રહ્યો હોવાનુ સ્પષ્ટ થયુ છે. બીજીતરફ માર્ગ સુધારણાની કાર્યયોજના ટલ્લે ચઢતા સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઇનનુ ખોદકામ પણ પુરજોશમાં ચાલી રહ્યુ છે. ત્યારે નજર નાંખો ત્યાં મોટામસ ખાડા ખોદવામાં આવી રહ્યા છે. આવા સંજોગોમાં સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ રોડ નેટવર્કની હાલત ખરાબ છે.

# શહેરની પ્રથમ ખાનગી હોસ્પિટલ 'આશ્કા'ને એનએબીએચની માન્યતા

**અદ્યતન સુવિધા અને સ્ટાફને પગલે હોસ્પિટલ ક્ષેત્રે આગવુ સ્થાન ઉભુ કર્યું**




ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં ખાનગી હોસ્પિટલમાં સૌ પ્રથમ આશ્કા હોસ્પિટલને એનએબીએચની માન્યતા મળી છે. ન્યુ ગાંધીનગરના હાર્દ સમા વિસ્તારમાં આવેલી આશ્કા હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ગાંધીનગર શહેરમાં મલ્ટી હોસ્પિટલની જરુરીયાત હતી, જે આશ્કા હોસ્પિટલ દ્વારા પૂર્ણ થઈ છે. અદ્યતન સુવિધા અને સ્ટાફને પગલે હોસ્પિટલ ક્ષેત્રે આગવુ સ્થાન ઉભુ કર્યું છે. ત્યારે ગાંધીનગર અને જિલ્લાભરના દર્દીઓ માટે આશ્કા હોસ્પિટલ પ્રથમ પસંદગીમાં સ્થાન પામી છે.

આરોગ્ય ક્ષેત્ર ખુબ જ ઝડપથી વિકસતુ ક્ષેત્ર છે, તેમાં પ્રાઈવેટ પ્લેયર્સની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. સરકાર દ્વારા મા-કાર્ડ અને પીએમ જય કાર્ડ ઈશ્યુ કરવાથી ઘણા ગરીબ દર્દીઓને પણ મોટી કોર્પોરેટ હોસ્પિટલમાં પણ સરળતાથી સારવાર થાય છે. ત્યારે દરેક નાગરીકના મનમા

● અનુસંધાન પાન-૭ પર




**બેસણું**

અમારા માતૃશ્રી

**ગં.સ્વ. દમયંતીબેન સુજનકુમાર જોષી**

(સ્વ. સુજનકુમાર જોષી-નિવૃત્ત કૃષિ નિયામક)નું તા. ૧૮-૧૦-૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૨૧-૧૦-૨૦૧૯,સોમવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૩૨૩, સેકટર ૨૨, ઘ-૫ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર.

લી. રાજુ સુજનકુમાર જોષી

આરોહી જોષી (પર્લ સ્પેશિયલ નિડ ફાઉન્ડેશન)
ફોરમ ભટ્ટ (એશિયા પેસિફિક કોલેજ)
કીર્તિ વિપુલ જોષી
સીમા રાજુભાઈ જોષી (ક્રિએટિવ સી)







સ્વાગતમ્ દિપાવલી... - પ્રકાશ પર્વ દિપાવલીના આગમનના પગલે બજારમાં વૈવિધ્યપૂર્ણ દિવાઓએ સ્થાન લીધું છે... કોડીયાના આગમન સાથોસાથ હવે રંગબેરંગી ફેન્સી દિવાઓ પણ જોર જમાવી રહ્યા છે... અવનવી ડિઝાઈન અને અવનવા રંગો દિપાવલીનું નવું આકર્ષણ ઉમેરાતું જાય છે... જોકે હજુ માટીના કોડીયાનું સ્થાન અડીખમ છે... મીણબત્તી આવી, લાઈટની સીરીઝો આવી... લાઈટીંગમાં પણ વિવિધતા આવી... પરંતુ દિવાળીના આત્મા સમા દિવા હજુ ઘરે ઘર ઝળહળે છે... એ ઝળહળાટ એજ આવતીકાલના અજવાસનો અણસાર છે... એ ઝળહળાટ એટલે જ અંધકારમાંથી ઉજાસ તરફ જવાની માનવજાતની ઝંખના... અને એ ઝળહળાટ એટલે પ્રકાશ પ્રગટાવવો એટલું જ નહિ પણ પ્રકાશ પ્રસરાવીએ... જ્યોત સે જ્યોત જગાવીએ....

# સિંગલ યુઝ પ્લાસ્ટીકનો જથ્થો વધતાં મનપાની મુશ્કેલીઓ વધી

**મનપાએ ૧૧ સપ્ટે.થી અત્યાર સુધીમાં ૬૩૦૦ કિલો પ્લાસ્ટીક કબ્જે લીધુ : ૩ લાખથી વધુ દંડ વસુલ્યો**

ગાંધીનગર, તા. ૨૦

સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ લાદ્યા પછી મનપાના તંત્રએ આજ સુધીમાં રૂ. ૩ લાખથી વધુ રકમનો દંડ વસુલ્યો છે. ૩૧મી ઓક્ટો. સુધીમાં પ્લાસ્ટીક મુક્ત શહેર બનાવવાનુ અભિયાન આ સાથે તેના અંતિમ ચરણમાં પહોંચ્યુ છે. ૧૧ સપ્ટેમ્બરથી આ અભિયાનનો શહેરમાં આરંભ કરાયો હતો. મનપાના તંત્રએ આજ સુધીમાં ૫૪૬ ઈસમો સામે આ અંગે કામગીરી કરી છે. તંત્રએ ૬૩૦૦ કિલોથી વધુ પ્લાસ્ટીકનો જથ્થો પણ કબ્જે લીધો છે. તંત્રએ ૩ લાખથી વધુ રકમનો દંડ વસુલ્યો છે પરંતુ હવે તંત્રની મુંઝવણ વધવા પામી છે. આ પ્લાસ્ટીકના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થાનો અભાવ તંત્રની ચિંતાનો વિષય બન્યો છે. બીજી તરફ સરકારના ગ્રામ વિકાસ વિભાગે પણ પરિપત્ર કરી અને પ્લાસ્ટીકના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી વાત કરી છે. તાજેતરમાં સ્થાયી સમિતિની બેઠકમાં કચરાના નિકાલની વ્યવસ્થા માટે ટ્રોમીલનો પ્રયોગ કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. જો કે શહેરમાં ઘનકચરાનું સેગ્રીગેશન પણ પુરૂ થઈ શકતુ નથી અને લેન્ડફિલ્ડ સાઈટ પણ મનપા પાસે ઉપલબ્ધ નથી આ બધી સમસ્યા વચ્ચે હવે પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પણ શું કરવું તે તંત્રની ચિંતાનો વિષય બનેલ છે.

બીજી તરફ કચરાના નિકાલ માટે ગ્રીન ટ્રીબ્યુનલના આદેશને પગલે જિલ્લા કક્ષાએ મોનીટરીંગ માટે કલેક્ટરના અધ્યક્ષપદે એક સમિતિ રચાઈ છે અને તેમાં કલેક્ટરે માપદંડોનું યોગ્ય પાલન થાય તેવો સ્પષ્ટ સંકેત આપતાં તંત્રની મુશ્કેલીમાં વધારો થયો છે.

મનપા દ્વારા આ દિશામાં હવે શું કરવું તે અંગે રાજ્ય સરકાર સાથે સંપર્ક વધાર્યા છે પરંતુ કોઈ સ્પષ્ટ માર્ગદર્શન મળ્યુ નહિ હોવાનું જાણવા મળેલ છે.


**વેચાણ/ભાડે આપવાના છે**

પોલીસ સ્ટેશન નજીક, અંબા માતાજીના મંદિરની બાજુમાં, ૧૧ શિખરી દેરાસરની બાજુમાં તલોદ, કેશરપુરા રોડ ઉપર અંશાપરી ડે સ્કૂલ તથા વિસામાંની સામે અંશાપરીમાં ફ્લેટ વેચાણ / ભાડે આપવાના છે. 1 BHK

વિસામાંમા લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગમાં રૂમો, ઓપન જગ્યા, સ્ટેજ ભાડે મળશે.

Contact No. :- 09820035517 / 09324425948



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com